# ગુજરાત સ્ટેટ કો. ઓ. કોટન ફેડરેશન લી.

સીલ્વર આર્ક, એ– બ્લોક, ટાઉનહોલ પાછળ, એલીસબ્રીજ, અમદાવાદ–૩૮૦ ૦૦૬
ફોન નં. ૨૬૫૭૫૬૦૦, ૨૬૫૮૧૭૩૦
E-mail : gujcotfed@yahoo.co.in,   web : www.gujcot.co.in

**ખરીફ – વર્ષ : ૨૦૧૬–૧૭**

ટેન્ડર ફોર્મ નં.

## બી–ટવીલ તદ્દન નવા બારદાન ખરીદીના ઈ–ટેન્ડર ની શરતો

નાફેડ/ ગુજકોટને ૪૪ ઈંચ × ૨૬ ૧/૨ ઈંચ સાઈઝના બીટવીલ ૨ (બે) રતલી (બી–ટવીલ) નવા બારદાન જેનું એક બારદાનનું વજન આશરે ૯૦૦ ગ્રામ (+ ૫% મુજબ) બી. આઈ.એસ. સ્પેસીફીકેશન મુજબના, ઈન્ડિયન ઓરીજીન તદ્દન નવા "બી–ટવીલ" બારદાન આશરે ૭ (સાત) લાખ નંગની જરુરીયાત છે, ખરીદીના જથ્થામાં વધારો કે ઘટાડો ભારત સરકારની મગફળી ખરીદીની યોજનાને આધિન રહેશે. જેના ભાવ નીચે મુજબની શરતોને આધિન રહી મંગાવાવમાં આવે છે.

## ટેન્ડરની શરતો

(૧) " બી–ટવીલ" ૨ (બે) રતલી તદ્દન નવા બી.આઈ.એસ. સ્પેસીફીકેશન મુજબના બારદાનના ભાવ દર ૧૦૦ (સો) નંગના વેટ સહિત અથવા સી ફોર્મ સામેના તથા એકસાઈઝ પેઈડના સંસ્થાના ગુજરાતના કોઈપણ ખરીદ સેન્ટરે ડીલીવરી આપવા સુધીના આપવાના રહેશે. કોઈપણ એક સેન્ટરે ઓછામાં ઓછા પાંચ હજાર નંગ નવા બારદાનની ડીલીવરી આપવાની રહેશે.

(૨) કોઈપણ પ્રકારના શરતી ભાવ મંજુર રાખવામાં આવશે નહી.

(૩) ભાવ પત્રક સાથે અર્નેસ્ટ મની ડીપોઝીટ પેટે રૂા. ૫૦,૦૦૦/– (અંકે રૂપિયા પચાસ હજાર પુરા)નો ગુજરાત સ્ટેટ કો. ઓ. કોટન ફેડરેશન લી., અમદાવાદમાં ચુકવવાપાત્ર ડીમાન્ડ ડ્રાફટ/ પે. સ્લીપ આપવાનો રહેશે. અથવા રોકડ રસીદની ઝેરોક્ષ સામેલ કરવાની રહેશે. ડીપોઝીટ વગરના ભાવ માન્ય રાખવામાં આવશે નહી.

(૪) ભાવ મંજુર થયેલ પાર્ટીની ડીપોઝીટની રકમ ડીલીવરી સંતોષકારક પૂર્ણ થયેથી વ્યાજ વગર પરત કરવામાં આવશે. જેના ભાવ મંજુર થશે નહી તેમની ડીપોઝીટનો અસલ ડ્રાફટ પરત કરવામાં આવશે. જે પાર્ટીઓને ડીપોઝીટ પરત આપેલ હશે તે પાર્ટીઓનો ટેન્ડર બાબતે કોઈપણ પ્રકારનો હકક દાવો રહેશે નહી.

(૫) ભાવ પત્રક બંધ કવર ઉપર સંપૂર્ણ સરનામા સાથે **" તદ્દન નવા બીટવીલ બારદાનના ભાવ"** (માર્કેટીગ વિભાગ) એમ સ્પષ્ટ લખાણ સાથે આપવાના રહેશે. ભાવ પત્રક **તા. ૦૭–૧૧–૨૦૧૬ સમય : ૧૨:૦૦ કલાક સુધી જ સ્વીકારવામાં આવશે.**

(૬) બી.આઈ.એસ. સ્પેશીફીકેશન મુજબના, ઈન્ડિયન ઓરીજીન " બીટવીલ" બારદાન બનાવતી જયુટ મીલના તદ્દન નવા જ "બીટવીલ" બારદાનની ડીલીવરી ૩૦૦ કે ૪૦૦ નંગની ગાંસડી ઉપર કંતાન પેકીંગ કરી આપવાનું રહેશે. જે જયુટ મીલના એકસાઈઝ ડયુટી ભરાયાનો પત્ર ડીલીવરી સમયે આપવાનો રહેશે. બી.આઈ.એસ. સ્પેસીફીકેશનથી હલકી કક્ષાના બારદાન જણાશે તો તેવા બારદાનની ડીલીવરી સ્વીકારવામાં આવશે નહી અને પાર્ટીએ પોતાના ખર્ચે પરત મેળવી લેવાના રહેશે. આ અંગે સંસ્થા કોઈ ખર્ચ ચુકવશે નહી અગર સંસ્થાને યોગ્ય જણાશે તો વજન ઘટથી મંજુર થયેલ ભાવના સપ્રમાણમાં ચુકવણામાંથી કપાત કરી સ્વીકારાશે. કરેલ કપાત પાર્ટીએ માન્ય રાખવાની રહેશે. આ અન્વયે થયેલ તમામ ખર્ચ પાર્ટીએ ભોગવવાનો રહેશે.

(૭) જરુરીયાત મુજબ બારદાનની ડીલીવરી ઓર્ડર ઈસ્યુ થયેથી વધુમાં વધુ દસ દિવસમાં પહોંચતા કરવાના રહેશે અને ઓર્ડર ઈસ્યુ તારીખથી ત્રણ દિવસમાં ૫૦ % જથ્થાની રવાનગી કરવાની રહેશે. બાકીનો જથ્થો બીજા ત્રણ દિવસમાં રવાનગી કરવાનો રહેશે. જો ડીલીવરી પીરીયડ જળવાશે નહી તો ફેડરેશનને યોગ્ય લાગે તે પેનલ્ટી ચાર્જ વસુલ કરવામાં આવશે.

(૮) ઉપરોકત જણાવેલ સમય મર્યાદામાં નિયત કરેલ ગુણવત્તા (સ્પેસીફીકેશન) મુજબના બારદાન પુરા પાડવામાં નહી આવે તો સંસ્થા યોગ્ય જણાશે તો ઓર્ડર રદ કરી ટેન્ડર ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.આ અંગે કોઈપણ દાદ–ફરીયાદ પાર્ટીએ કરવાની રહેશે નહી.

(૯) બીટવીલ બારદાનના ભાવ ભરનાર પાર્ટીએ પોતાના લેટર પેડ ઉપર ટેન્ડર ફોર્મની શરતોને આધિન રહી ભરવાના રહેશે. તેમજ પાર્ટીએ પોતાના ઈન્કમટેક્ષ નંબર (પાન નંબર) તેમજ સેલ્સટેક્ષ નંબર આપવાનો રહેશે.

(૧૦) ઓર્ડરમાં દર્શાવ્યા મુજબના બારદાનની ડીલીવરી મળ્યા બાદ જે તે ખરીદ સેન્ટરનો કવોલીટી કંડીશન અને આવકનો રીપોર્ટ મળેથી બીલની રકમના ૯૦% પેમેન્ટ દિન–૭માં ચેક/ ડી.ડી.થી નાફેડનું પેમેન્ટ મળેથી કરવામાં આવશે. બીલ ત્રણ નકલમાં બારદાનની ડીલીવરી સાથે સંસ્થાની હેડ ઓફીસ ગુજકોટ, અમદાવાદ ખાતે આપવાના રહેશે. જથ્થાની આવક સમયે ગાંસડીઓના બારદાનના વજન, સાઈઝ નિયત કરેલ ધોરણ મુજબ હોવું જોઈએ.

(૧૧) ટેન્ડરમાં દર્શાવેલ ખરીદી અંગેનો જથ્થો સંપૂર્ણપણે અંદાજીત છે. જેમાં સંસ્થાની જરુરીયાત મુજબ વધારો અથવા ઘટાડો કરવાની સત્તા મેનેજિંગ ડીરેકટરશ્રીના હસ્તક રહેશે. જથ્થાના વધારા–ઘટાડા બાબતે કોઈપણ જાતનો નિર્ણય ટેન્ડર ભરનાર પાર્ટીએ માન્ય રાખવાનો રહેશે.

(૧૨) કોઈપણ પ્રકારના કારણ આપ્યા સિવાય ભાવ મંજુર રાખવા કે નહી તે મેનેજિંગ ડીરેકટરશ્રીનો અબાધિત હકક રહેશે.

(૧૩) આ કરાર માટેના વાદ–વિવાદનો નિકાલ અમદાવાદ કોર્ટની હકુમતને આધિન રહેશે.

(૧૪) ટેન્ડર ભરનાર પાર્ટીએ 'બ' વર્ગના સભાસદ થવું ફરજીયાત છે.

(૧૫) " બીટવીલ" બારદાનની ડીલીવરી સમયે બારદાનની આવક જથ્થાના અનલોડીંગનું ખર્ચ સંસ્થા ભોગવશે. પરંતુ ગુણવત્તા બાબતે પ્રશ્ન ઉદભવે અને બારદાનનો જથ્થો પરત આપવાનો થાય તો લોડીંગ–અનલોડીંગ ખર્ચ ઓર્ડર મેળવનાર પાર્ટીએ ચુકવવાનું રહેશે.

(૧૬) નવા બારદાનનો ઓર્ડર એક કે તેથી વધુ પાર્ટીઓને આપવવાનો અધિકાર ફેડરેશન હસ્તક રહેશે.
(૧૭) ટેન્ડર ફોર્મ સાથે બીટબીલ–૨ (બે) રતલી બારદાનનું એક સેમ્પલ અવશ્ય આપવાનું રહેશે.
(૧૮) પાર્ટીએ બીલ ગુજરાત સ્ટેટ કો. ઓ. કોટન ફેડરેશન લી. નાફેડ એકાઉન્ટના નામનું બનાવવાનું રહેશે.
(૧૯) લેટર પેડ સાથે ઈસ્યુ કરેલ ટેન્ડર ફોર્મ ભરેલ ભાવની વિગત સાથે સહી/ સીકકા કરી સામેલ કરવાનું રહેશે.
(૨૦) ટેન્ડર ભરનાર પાર્ટીનું વાર્ષિક ટર્ન ઓવર ૨૦ કરોડ રુપિયા હોવું જરુરી છે.
(૨૧) નાફેડ પી.એસ.એસ. મગફળી ખરીદી બંધ થતાં કોઈ એક સ્થળેથી ઓછામાં ઓછા ૩,૦૦૦ નંગ બારદાન પેક ગાંસડીમાં પરત ઉપાડવાના રહેશે.

મેનેજિંગ ડીરેકટર

ઉપરોકત શરતો મે વાંચી છે તે મને કબુલ મંજુર છે. ઉપરોકત શરતોને આધીન છું એ બીટવીલ નવા બારદાન પુરા પાડવા બંધાઉ છું.

આ સાથે મારા લેટર પેડ ઉપર આપના પર્ફામા મુજબ બીટવીલ નવા બારદાનના ભાવ આપેલ છે.

સ્થળ :
તા.

પાર્ટીના સહી / સીકકા